# ગાંધીનગર બન્યું આંધીનગર

## વાતાવરણના પલ્ટાથી ધુળીયુ વાતાવરણ : ગરમી ઘટી : બપોર બાદ અચાનક જ આકાશમાં વાદળોના ઘેરાવા વચ્ચે ધુળની ડમરીઓ ઉડી : ગરમીનો પારો પણ એક ડિગ્રી નીચે ઉતર્યો : વાહનચાલકો પરેશાન થયા



ગાંધીનગર તા ૧૮

શહેરમાં આજે આકરી ગરમી વચ્ચે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. અસહ્ય ગરમી વચ્ચે બપોરના સમયે આકાશમાં વાદળો ઘેરાઇ આવ્યા હતા. ૧૦ થી ૧૨ કી મી ની ઝડપે પવન ફુંકાયો હતો. વાતાવરણમાં ઉડતી ધુળની ડમરીઓથી નગરના માર્ગો પર રેતીની ચાદર પથરાઇ ગઇ હતી. વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. ગરમીનો પારો એક ડી ગ્રી નીચે ઉતરી ગયો હતો. નગર ધુળિયુ બની ગયુ હતુ. ઉત્તર ભારતના રાજયોમાં ભયંકર પવન સાથે ધુળની આંધી આવી છે જેની અસરથી મધ્ય ભારતના રાજયોમાં પણ જોવા મળી રહી છે. જેથી આકરા ઉનાળે પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં પણ આજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો.

આકરા ઉનાળે ગરમી પ્રકોપ પ્રબળ બન્યો છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૨ ડી ગ્રીને પાર રહેતા નગરજનો અસહ્ય ગરમી વચ્ચે બેબાકળા બન્યા છે. જયારે બે દિવસ પુર્વે ગરમીનો પારો ૪૪ ડી ગ્રી એ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી પણ નોંધાઇ છે. ગરમીની અસરથી જનજીવન વિશેષ રીતે પ્રભાવિત છે. ત્યારે આજે વાતાવરણમાં અચાનક જ નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી વાતાવરણમાં ગરમીનુ જોર યથાવત હતુ. જયારે બપોર થતા જ આકાશમાં વાદળો ઘેરાઇ આવ્યા હતા. વાદળિયા વાતાવરણ વચ્ચે ૧૦ થી ૧૨ કી મી ની ઝડપે પવન ફુંકાયો હતો. વાદળિયા વાતાવરણની અસરથી ગરમીનો પારો પણ એક ડિગ્રી

● અનુસંધાન પાન-૭ પર

## આદર્શો-મૂલ્યોના ભોગે સત્તાનો ખેલ ક્યાં સુધી

### કર્ણાટકમાં સત્તા પ્રાપ્તિની રાજરમતે તમામ હદો વટાવી : આદર્શો-મૂલ્યોના ભોગે ધારાસભ્યોની ખરીદી માટે તમામ પક્ષોએ તમામ દાવ અજમાવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ચૂંટણી બાદ જીત અને જીત બાદ હવે સત્તા પ્રાપ્તિની રમત ચરમસીમાએ પહોંચી છે. યેદુરપ્પાને સરકાર બનાવવા માટે આમંત્રણ મળતા જ કોંગ્રેસે સુપ્રિમનુ શરણ લીધુ. સુપ્રિમ કોર્ટે પંદર દિવસના બદલે એક જ દિવસમાં બહુમત પુરવાર કરવાનુ કહેતા કર્ણાટકની સાથે સાથે સમગ્ર દેશનુ રાજકારણ ગરમાયુ છે. સત્તા પ્રાપ્તિ માટે

**સમયસર**

રાજકારણીઓ કઈ હદ સુધી જઈ શકે છે તે અહીં જોવા મળી રહ્યુ છે.

જોડ-તોડની રાજનીતિએ ફરી રંગ પકડ્યો છે. ચૂંટાયેલા ધારાસભ્યોને બખ્ખાં થઈ ગયા છે. ધારાસભ્યો કરોડપતિમાંથી અબજપતિ બનવાની તૈયારીમાં છે. કર્ણાટકમાં યેદુરપ્પાને સત્તાનુ સુકાન સોંપાયા બાદ રાજકારણ વધુ ગરમાયુ છે. આ સામે કોંગ્રેસે સુપ્રિમ કોર્ટમાં દાદ માંગતા સુપ્રિમ કોર્ટે ભાજપને ઝડપથી બહુમતી સાબિત કરવાનુ કહેતા પક્ષે બે દિવસનો સમય માંગ્યો છે. હવે શનિવારે બહુમત સાબિત કરવાનુ હોવાથી ભાજપ માટે કટોકટીનો સમય શરૂ થયો છે. મોદીનો પ્રભાવ અને વર્ચસ્વ વધે તે માટે કર્ણાટકમાં સત્તા મેળવવુ હવે અનિવાર્ય બન્યુ છે. કોઈપણ સંજોગોમાં સત્તા ટકી રહે તે માટે અન્ય ધારાસભ્યોને તોડવા બધાં જ દાવ અજમાવવામાં આવશે. નાણાંની કોથળી છુટ્ટી મુકી દેવાઈ હોવાના ખાનગી અહેવાલો મળ્યા છે. ચૂંટાયેલા ધારાસભ્યોની કિંમત રાતોરાત વધી ગઈ છે. એક-એક ધારાસભ્યોના ભાવ ૧૦૦-૨૦૦ કરોડ સુધી બોલાઈ રહ્યા છે. ભાજપ ધારાસભ્યોને તોડવામાં લાગી ગયુ છે, તો કોંગ્રેસ-જેડીયુ તેમના ધારાસભ્યોને બચાવવાનો લાગી ગયુ છે. તેમના પક્ષનો એક પણ ધારાસભ્ય ભાજપમાં ન જતો રહે તે માટે ધારાસભ્યોને રીતસર બાનમાં લેવાયા છે. ધારાસભ્યોને એક સાથે હોટલમાં રાખી બહારથી તેમનો કોઈ સંપર્ક ન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. કોંગ્રેસ અને જેડીએસ માટે સત્તા મેળવવાનો આ છેલ્લો ચાન્સ છે. તેઓ પણ પોતાના ધારાસભ્યોને જાળવી રાખવા જાતભાતની લાલચ આપી હશે તે સમજી શકાય છે. કોંગ્રેસ અને કુમારસ્વામીએ છેલ્લા બે દિવસથી જે કકળાટ આદર્યો છે તેનુ કારણ એ છે કે ભાજપ તડજોડના રાજકારણમાં માહિર છે તેનો પરચો વારંવાર મળ્યો છે. ગયા વર્ષે ગોવા, મણિપુર અને હમણાં નાગાલેન્ડ મેઘાલયમાં આવા જ ખેલ કર્યા હતા.

ભાજપ આ જ ખેલ ફરી રમીને કર્ણાટકમાં સત્તા પર ન બેસી જાય તે માટે કોંગ્રેસ-જેડીયુનો સમય પણ કટોકટીભર્યો જ ગણાય.

જોકે રાજકારણના આ ખેલમાં નવુ કંઈ નથી. ભાજપે જે કર્યુ તે અગાઉ કોંગ્રેસે અનેકવાર કર્યુ છે. સત્તાની રમતમાં હવે પાસાં ભાજપ પાસે છે એટલો જ ફેર છે. બાકી તો વારા પછી વારો અને મારા પછી તારો દાવ તો છે જ...

## જિલ્લા પંચાયતનુ પ્રમુખપદ મહિલા સામાન્ય માટે નિયત કરાયુ

**રોટેશનના હુકમો જારી કરાતાં જ જિલ્લાના રાજકારણમાં રાજકીય ધમધમાટ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતને હવે નવા મહિલા પ્રમુખ (સામાન્ય વર્ગ)ના મળશે.

રાજ્યના વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા પ્રમુખોના રોટેશન અંગે નવા હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. આજે સાંજે આ હુકમો જાહેર થતાં જ પંચાયતના રાજકારણમાં નવો વણાંક આવ્યો છે.

જોકે આ અંગે ધીમી ગતિએ રાજકીય બેઠકોનો સિલસિલો છેલ્લા બે-ત્રણ દિવસથી આરંભાઈ ચુક્યો છે. મહિલા માટે પ્રમુખ પદ અનામત કરાતાં હવે મહિલા સદસ્યોના પતિદેવો રાજકીય દાવપેચ માટે મેદાનમાં આવી ગયા છે. જોકે નવા પ્રમુખની નિમણુંક અંગે સભ્યોની સેન્સ લીધા બાદ નિરીક્ષકો તેમનો અહેવાલ પ્રદેશને આપશે અને તે પછી પ્રદેશ કક્ષાએથી જ નિર્ણય લેવામાં આવશે.

જિલ્લા પંચાયતમાં હાલ કોંગ્રેસ પાસે ૨૪ સભ્યો છે જેમાં ૧૧ મહિલા સભ્યો છે. જ્યારે ભાજપના ૯ સભ્યોમાં ૪ મહિલા સભ્યો છે. નવા પ્રમુખની વરણી માટેની મુદત આમ તો ૨૨ જુનથી શરૂ થઈ રહી છે. એટલે જુનના પ્રથમ પખવાડિયામાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં નવા પ્રમુખની ચૂંટણી યોજવામાં આવશે. જિલ્લા પંચાયતમાં નવા પ્રમુખની પસંદગી માટે નિરીક્ષકો પણ આ માસના અંતમાં આવશે. નિરીક્ષકો તરીકે ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અને અન્ય બે આગેવાનો છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખની સાથે ત્રણ તાલુકા પંચાયતના પ્રમુખોની મુદત પણ પૂર્ણ થઈ રહી છે એટલે આગામી દિવસોમાં જિલ્લાના રાજકારણમાં રાજકીય ધમધમાટ જોવા મળશે. નવા પ્રમુખની વરમી સાથે પંચાયતમાં નવી સમિતિઓ પણ બનશે એલે તમામ સભ્યો એકાદ બે દિવસમાં સક્રિય થઈ અને પોતપોતાના રાજકીય દાવપેચ ખેલશે તેમ મનાઈ રહ્યુ છે.

## પંચાયત પ્રમુખ ગુલ્લીબાજોને પકડવા શાખા-શાખાએ ફર્યા

### અધિકારીઓની મિટીંગમાં હાજરી છે કે નહિ તેની પણ ચકાસણી કરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે ગઈકાલે પંચાયતની કચેરીની વિવિધ શાખાઓમાં જઈ કર્મચારીઓની હાજરી અંગે આકસ્મિક ચકાસણી હાથ ધરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખે આ ચકાસણી દરમ્યાન કર્મચારી અને અધિકારી જે જગ્યા પર જણાયા ન હતા તેમના અંગે પૃચ્છા કરી હતી એટલુ જ નહિ જે અધિકારીઓ મિટીંગમાં ગયા છે તેવુ શાખાઓમાં જણાતાં મિટીંગ બાબતે સંબંધિત ખાતાના વડાઓ સાથે વાતચીત કરી હાજરીની પણ ચકાસણી કરી હતી.

રામાજી ઠાકોરે પંચાયત પ્રમુખ બન્યા પછી પહેલીવાર દરેક શાખામાં જઈ કરેલી આ આકસ્મિક ચકાસણીએ આજે કર્મચારી-અધિકારીઓમાં ચર્ચાનો મુદ્દો બની હતી. પંચાયતમાં અગાઉ લેટ લતીફોને પકડવા માટે ડી.ડી.ઓ. દ્વારા મસ્ટરો ઓફિસની હાજરી

● અનુસંધાન પાન-૭ પર



જળસંચય અભિયાન - પાટનગરના પાદરે સાબરને કિનારે કોતરોમાં અને સંતસરોવરની આસપાસ પૂરજોશમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે... નદી કિનારે ઠલવાતો પ્લાસ્ટીકનો કચરો વ્યાપક રીતે એકત્ર કરી ખસેડાઈ રહ્યો છે... અને પાણીના વહન માટે તમામ કોતરો અને વહેણ માટેની જગ્યાઓમાં ભરાયેલા કચરાને સાફ કરી સ્વચ્છ કરાઈ રહી છે.. જેના પગલે વરસાદી પાણી સરળતાથી વહી શકે અને સમયાંતરે સંગ્રહિત પણ થઈ શકે...

## પોલીસ કર્મચારીઓને ફાળવવામાં આવેલા ૭૦થી વધુ મકાનોમાં બિનઅધિકૃત કબજો

### નિવૃતિ, અવસાન તેમજ બદલીના કિસ્સામાં પણ મકાનો ખાલી થયા નથી

ગાંધીનગર તા ૧૮

શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી મોટાભાગના ખંડેર હાલતમાં છે. સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે ઘણાં ખરા મકાનોમાં બિનઅધિકૃત કબજો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. અગાઉ પોલીસ કર્મચારીઓને ફાળવવામાં આવેલા મકાનો પૈકી ૭૦ થી વધુ મકાનો બદલી અવસાન તેમજ નિવૃતિના કિસ્સામાં ખાલી કરાયા ન હોવાથી તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

શહેરમાં સરાકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સરકારી આવાસોના રીનોવેશનની કામગીરી પણ મંદ પડી ગઇ છે. ત્યારે કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો મળતા ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. એકબાજુ નગરમાં જુના કંગાળ સરકારી આવાસો તોડીને નવા આવાસોં બાંધવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે સે-૭ અને સે-૨૯ માં નવા મકાનો

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્ય સચિવ જે.એન. સિંગ જાખોરાના તળાવની કામગીરી નિહાળશે

**ધીમી ગતિએ ચાલતા અભિયાનની સરકારે ગંભીર નોંધ લેતાં તંત્ર હરકતમાં**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં જળસંચય અભિયાનની ચાલી રહેલી ધીમી કામગીરીની સમીક્ષા માટે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંગ આજે જિલ્લાનો પ્રવાસ કરનાર છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મુખ્ય સચિવ સિંહ શનિવારે સવારે જાખોરા ગામે તળાવ ઉંડુ કરવાની કામગીરીનું જાત નિરીક્ષણ કરવા જવાના છે.

રાજ્યના મુખ્ય સચિવના સૂચિત પગલાંને લઈ વહીવટીતંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે. જિલ્લામાં ચાલી રહેલા કામો જોવા માટે આજે જિલ્લાના અધિક નિવાસી કલેકટર જાડેજા પણ સિંચાઈ અને અન્ય વિભાગના અધિકારીઓ સાથે પ્રવાસે નીકળ્યા હતા. જળસંચયના કામો અંગે જિલ્લાના ઈન્ચાર્જ ડીડીઓ બ્રહ્મભટ્ટ પણ દહેગામ પહોંચ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ધીમી ગતિની જળસંચયની કામગીરી અંગે જિલ્લાના પ્રભારી સચિવ તેમજ જિલ્લા કલેક્ટર નોડલ અધિકારીઓની બેઠકમાં નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે જે નોંધનીય છે.

જો કે જિલ્લામાં ચાલી રહેલા હિટવેવને કારણે મજૂરોની ઓછી હાજરી તેમજ કેટલાક ગામોમાં સરપંચોએ ના પાડતાં વિવાદો થયાની વાતો પણ બહાર આવી રહી છે. બીજી તરફ સરકાર દ્વારા અભિયાનની માર્ગદર્શિકામાં એક કરતાં વધુ વખત થયેલા સુધારાને લઈ અધિકારીઓ પણ આગળ વધવામાં બહુ ઉત્સાહ દેખાડતા ન હોવાની વાતો પણ છે.

## ગ-૨ થી ખ-૨ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ

ગાંધીનગર તા ૧૮

શહેરના ગ-૨ થી ખ -૨ તરફ જવાના માર્ગ પર સ્ટ્રીટ લાઈટો છેલ્લા એક સપ્તાહથી ડુલ છે. નગરના સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. ત્યારે આ માર્ગ પર રાત્રિ દરમિયાન વિશેષ અવરજવર પણ હોતી નથી ત્યારે લાઈટો ડુલ રહેતા સ્થાનિકોમાં પણ ભયની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના પ્રોજેકટને અપગ્રેડ કરાયા બાદ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો શરૂઆતના તબક્કામાં વિશેષ ધ્યાને આવતી હતી. એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ વિજબીલમાં પણ પ્રતિમાસ નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો પણ વધી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. તંત્ર દ્વારા મળતી ફરિયાદોનો ત્વરિત નિકાલ કરી દેવાતો હોવાનો પણ દાવો કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૮નો બાલોદ્યાન બે મહિના બંધ રહેશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાલોદ્યાનના નવિનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હોવાથી કોઇ અકસ્માતનો બનાવ ન બને તે માટે આગામી બે મહીના સુધી સહેલાણીઓ માટે આ ઉદ્યાન બંધ રહેશે . આ મામલે ગાંધીનગર મ્યુનિ કમિશ્નરના જણાંવ્યા મુજબ આગામી તા ૧ જુનથી ૩૧ જુલાઇ સુધી આ બાલોદ્યાનમાં નવિનીકરણની કામગીરી હાથ ધરવાની હોવાથી બગીચામાં કોઇ પણ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહી. બાલોદ્યાનની કામગીરી દરમિયાન કોઇપણ પ્રકારની અડચણ ન થાય તેમજ અકસ્માત પણ ન થાય તે માટે જાહેર જનતા માટે આ ઉદ્યાન આ સમયગાળા દરમિયાન બંધ રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KISAN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com